# "જ્ઞાનકુંજ" : પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ડીજીટલ યુગનો પ્રારંભ

**શ્રી ગોવિંદભાઈ પટેલ**

**ઉપ શિક્ષક,** શ્રી સાંડીયા પ્રાથમિક શાળા તા:ડીસા જી:બનાસકાંઠા

દુનિયા આજે ડીજીટલ પધ્ધતિયો તરફ જઇ રહી છે. માટે વિદ્યાર્થીઓને ભણવાની રીત ભાત પણ ડીજીટલ થઇ રહી છે. વર્તમાન સમયમાં મલ્ટીમીડિયા અને ડીજીટલ નેટવર્કસ જેવી નવી ટેકનોલોજીઓ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ અને તાલીમ આપવની પ્રક્રિયાઓ પર અસર પાડી રહી છે. ટેકનોલોજીના ઉપયોગથી જ્ઞાનના આદાન–પ્રદાનની પધ્ધતિઓમાં પરીવર્તન આવ્યું છે અને તેનાથી વિદ્યાર્થીઓને વર્ગખંડમાં વધુ સક્રિય રાખવામાં મદદ મળે છે.

નવા તાલીમાર્થીઓને ડીજીટલ વિભાગો વચ્ચે સેતુ તૈયાર કરવા માટે આ કાર્યક્રમ એક તકની બારી સમાન છે. વ્યાપક અને ગહન વિચાર બાદ શરૂ કરવામાં આવેલી આ એક એવી પહેલ છે જે કોમ્પ્યુટરની મદદથી શિક્ષણ અને તાલીમની નવી સંભાવનાઓના દ્વાર ખોલે છે અને વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન પુરુ પાડે છે. ટેકનોલોજીની દુનિયામાં ઘણુ બધુ બની ગયુ છે. ઇન્ટરનેટ તરીકે ઓળખાતી કોમ્પ્યુટર અને સ્પેસ એજ ટેકનોલોજીથી માત્ર એક જ ક્લિક પર એક નવી દુનિયા તમારી સમક્ષ આવી જાય છે. તેના કારણે શાળાના વિદ્યાર્થીઓ જ્ઞાન –અર્થશાસ્ત્ર નો મહત્તમ લાભ ઉઠાવી શકે તે માટે માહિતી અને કમ્યુનિકેશન ટેકનોલોજી પ્રત્યે વ્યાપક અને એકીકૃત અભિગમ કેળવાયો છે.

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ જ્ઞાનના આદાન–પ્રદાનનો અને શિક્ષકોનું સામર્થ્ય વધારવા માટે તેમ જ આઇટી કૌશલ્યમાં તેમને વધુ આત્મવિશ્વાસ કેળવવા માટે શરૂ કરવામાં આવ્યો છે. તેનો હેતુ ટેકનોલોજીના ઉપયોગથી વર્ગખંડનો માહોલ જીવંત રાખવા માટે અપાર સંભાવનાઓને ઉજાગર કરવાનો છે ટેકનોલોજી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે એક સાધન બની શકે છે આ પ્રોજેક્ટ ટેકનોલોજી પ્રત્યે નવા શિક્ષકોને ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટેનો અનુભવ મેળવવામાં સહાય કરવા અને ટેકનોલોજી પ્રત્યે બહોળી સમજશક્તિ ધરાવતા શિક્ષકોને તેમની રોજિંદી દિનચર્યામાં ટેકનોલોજીને સંપૂર્ણ રીતે સમાવિષ્ટ કરવામાં સહાયક બને છે.

**જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ની શરૂઆત :**

ડીજીટલ ઇન્ડિયાના સ્વપ્નદ્રષ્ટાની પ્રેરણા થકી ગુજરાત સરકારની ડીજીટલ શિક્ષણક્ષેત્રે નવી પહેલ અન્વયેજ્ઞાનકુંજ પ્રોજેક્ટનો શુભારંભ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ધોરણ ૫ થી ૮ ના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી વર્ષ 2017 થી શુભારંભ કરવામાં આવેલ છે.

**જ્ઞાનકુંજ મોડલ શું છે?**

ટેકનોલોજીના વિવિધ સાધનો જેવા કે પ્રોજેક્ટર, કેમેરા, લેપટોપ, સ્પીકર, સ્માર્ટબોર્ડ, વાઇ–ફાઇ રાઉટરની મદદથી શીખવા–શીખવવાની પ્રક્રિયા અને વર્ગખંડ ઇન્ટરેક્ટિવિટીમાં અભિવૃદ્ધિ કરવા માટેનો એક સ્કૂલ ડિજિટાઇઝેશનકાર્યક્રમ છે જે અંતર્ગત બોર્ડને ઇન્ફારેડ કેમેરાની મદદથી ઇન્ટરેક્ટીવ સ્માર્ટબોર્ડમા રૂપાંતરીત કરી શીખવા–શીખવાની પ્રક્રીયા અને મુલ્યાંકનને સુદ્રઢ બનાવવામાં આવે છે.

**જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત**

પ્રાથમિક શાળા કક્ષાએ ટેક્નોલોજીની મદદથી સ્માર્ટબોર્ડ સાથે ઇન્ટરેક્ટિવ e-ક્લાસ ઉપલબ્ધ છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની ૧૬૦૯ સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૭ અને ધોરણ–૮ ના ૩૧૭૩ વર્ગખંડોમા પ્રોજેક્ટર, ઇન્ફારેડ કેમેરા, લેપટોપ, સ્પીકર, સ્માર્ટબોર્ડ, વાઇ–ફાઇ રાઉટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ભાર વીનાના ભણતરના અભિગમને સાર્થક કરવા માટે ૧૦૦ સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ–૭ અને ધોરણ–૮ ના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે ૧0000 ટેબલેટ આપવામાં આવ્યા છે.

ધોરણ–૫ થી ધોરણ–૮ ના તમામ વિષયો નું ઈ–કન્ટેન્ટ અને ઈન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ કન્ટેન્ટની મદદથી શિક્ષણ કાર્ય કરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ છે.

ટેકનોલોજીના માધ્યમથી અભ્યાસક્રમની સરળ રીતે સમજૂતી આપેલ છે.

**"જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ ના હેતુઓ:**

શિક્ષક–વિદ્યાર્થીઓની શીખવા–શીખવવાની પ્રક્રિયામાં વર્ગખંડ ઇન્ટરેક્ટિવિટીનો વધારો કરવો.

ટેકનોલોજીના માધ્યમથી અધ્યયન,અધ્યાપન અને મૂલ્યાંકન પ્રક્રિયા સુદ્રઢ કરવી.

અભ્યાસક્રમના દરેક વિષયના દરેક એકમની ટેકનોલોજીના માધ્યમથી સરળ રીતે સમજૂતી વર્ગખંડમાં જ આપવી.

**જ્ઞાનકુંજ મોડેલની વર્ગખંડમાં સહાયક સામગ્રી:**

-Projector-Speaker
-IR Camera-Laptop
-White Board-Wi-Fi Router

મોબાઇલ, ટીવી વગેરેઉપકરણો બાળકોને ખુબ ગમે છે એટલે આ સ્માર્ટબોર્ડથી જ્ઞાનકુંજ પ્રોજેક્ટ દ્વારા શિક્ષણકાર્ય બાળકોને ગમે એ સ્વાભાવિક છે. કોઈપણ ધોરણની કોઈપણ બાબત વર્ગમાં લાઈવ બતાવી શકાય છે. જેનાથી શિક્ષણકાર્ય રસપ્રદ અને જીવંત બને છે

રાજ્યના અંતરિયાળ વિસ્તારના બાળકોને પણ આ ટેકનોલોજી દ્વારા શિક્ષણનો લાભ આપી તેમને જ્ઞાનનામુખ્ય પ્રવાહ સાથે જોડી શકાય છે. આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે કોઈપણ વિષયવસ્તુ સમજવા માટે શિક્ષક પાસે પૂરતો અવકાશ છે. જેમ કે જીવવિજ્ઞાન, ખગોળીય બાબતો, ગાણિતિક પ્રક્રિયા વગેરેને 3D સ્વરૂપે, વિડીયો સ્વરૂપે કે એનિમેશન સ્વરૂપે પણ બતાવી શકે છે. બાળકો જીવવિજ્ઞાનમાં અત્યારસુધી હ્રદયનું માત્ર ચિત્ર જોતા હતા પરંતુ હવે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત હ્રદય ખરેખર કઈ રીતે કાર્ય કરે તેનો વિડીયો જોઈ શકે છે.

**શિક્ષક તાલીમ:**

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત અભ્યાસક્રમના તમામ વિષયના દરેક એકમની ટેકનોલોજીના માધ્યમથી સરળ રીતે સમજૂતી વર્ગખંડમાં જ આપી શકાય તે માટે શાળા કક્ષાના વિષય શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે. નિયત તાલીમ મોડ્યુલ આધારીત ત્રિ–સ્તરીય સઘન તાલીમ આપવામાં આવે છે જેમાં (1)Basic Leval (2)Comfort level (3)Expertise Level નો સમાવેશ થાય છે.

આમ, શિક્ષકો વિવિધ સાધનો અને ઈ–કન્ટેન્ટના ઉપયોગથી વર્ગખંડ કાર્ય, બાળકોનું મૂલ્યાંકન, ઓપનસોર્સ રીસોર્સીસ ફ્રી કન્ટેન્ટનો ઉપયોગ તેમ જ ઈ–કન્ટેન્ટના નિર્માણ જેવી બાબતોમાં સક્ષમ બને છે.

મોબાઈલ, ટીવી વગેરેઉપકરણો બાળકોને ખુબ ગમે છે એટલે આ સ્માર્ટબોર્ડથી જ્ઞાનકુંજ પ્રોજેક્ટ દ્વારા શિક્ષણકાર્ય બાળકોને ગમે એ સ્વાભાવિક છે. કોઈપણ ધોરણની કોઈપણ બાબત વર્ગમાં લાઈવ બતાવી શકાય છે. જેનાથી શિક્ષણકાર્ય રસપ્રદ અને જીવંત બને છે રાજ્યના અંતરિયાળ વિસ્તારના બાળકોને પણ આ ટેકનોલોજી દ્વારા શિક્ષણનો લાભ આપી તેમને જ્ઞાનનામુખ્ય પ્રવાહ સાથે જોડી શકાય છે. આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે કોઈપણ વિષયવસ્તુ સમજવા માટે શિક્ષક પાસે પૂરતો અવકાશ છે. જેમ કે જીવવિજ્ઞાન, ખગોળીય બાબતો, ગાણિતિક પ્રક્રિયા વગેરેને 3D સ્વરૂપે, વિડીયો સ્વરૂપે કે એનિમેશન સ્વરૂપે પણ બતાવી શકે છે. બાળકો જીવવિજ્ઞાનમાં અત્યારસુધી હ્રદયનું માત્ર ચિત્ર જોતા હતા પરંતુ હવે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત હ્રદય ખરેખર કઈ રીતે કાર્ય કરે તેનો વિડીયો જોઈ શકે છે.

**શિક્ષક તાલીમ:**

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત અભ્યાસક્રમના તમામ વિષયના દરેક એકમની ટેકનોલોજીના માધ્યમથી સરળ રીતે સમજૂતી વર્ગખંડમાં જ આપી શકાય તે માટે શાળા કક્ષાના વિષય શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે. નિયત તાલીમ મોડ્યુલ આધારીત ત્રિ–સ્તરીય સઘન તાલીમ આપવામાં આવે છે જેમાં (1)Basic Leval (2)Comfort level (3)Expertise Level નો સમાવેશ થાય છે.

આમ, શિક્ષકો વિવિધ સાધનો અને ઈ–કન્ટેન્ટના ઉપયોગથી વર્ગખંડ કાર્ય, બાળકોનું મૂલ્યાંકન, ઓપનસોર્સ રીસોર્સીસ ફ્રી કન્ટેન્ટનો ઉપયોગ તેમ જ ઈ–કન્ટેન્ટના નિર્માણ જેવી બાબતોમાં સક્ષમ બને છે.

**સેલ્ફ એસેસમેન્ટ:**

જવાબદારી સાથે Ready to print ના પ્રશ્નપત્રોનો સંગ્રહ છે. વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલા મહાવરો (પુનરાવર્તન) કરવા માટેનું સ્વમૂલ્યાંકન મોડેલ આપેલ છે.

**રમત–ગમત:**

શૈક્ષણિક રમતો દ્વારા વિષયવસ્તુને સમજવાનું વાતાવરણ પૂરું પાડે છે. વર્ગમાં વિદ્યાર્થીઓની એકગ્રતામાં વધારો કરે છે અને તેમને વિષયવસ્તુ સમજવામાં સરળતા પૂરી પાડે છે.

**ઉપસંહાર:**

પ્રાથમિક શાળાના બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મેળવવા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અગત્યની ભૂમિકા ભજવે છે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટમાં સમાવિષ્ટ તમામ સામગ્રી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઉપયોગી છે. આ પ્રોજેક્ટના માધ્યમથી શિક્ષણકાર્ય રસપ્રદ અને અસરકારક બને છે બાળકોને પણ જીવંત દ્રશ્યો જોવા મળતા હોવાથી તે શિક્ષણ પ્રત્યે વધારે સભાન બને છે. ગુજરાત સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ના અવિષ્કારથી પ્રાથમિક શિક્ષણમાં ડિજિટલ યુગનો આરંભ થયો છે.


## શિક્ષણદર્શનના લેખકો માટે

**શિક્ષણદર્શન (UGC Approved Journal No. 62819) & ISSN-2319-202X) માટેના લેખો ગુજરાતીમાં શ્રુતિ (Shruti) ફોન્ટમાંટાઇપ કરીનીચેનાસરનામેમોકલો.**

**(લેખની સોફ્ટ કોપી Dr. Jignesh B. Patel ને jig_har@yahoo.com પર ઇ-મેલ કરો.)**

## પ્રો. રમેશચંદ્ર જી. કોઠારી

**૬૦૧, આંગન ટાવર, ભવન્સસ્કુલનીસામે, રજનીકાંતજાની-મકરપુરારોડ, મકરપુરા, વડોદરા-૩૯૦૦૦૪**

rgkothari@gmail.com